## વડીલોને વંદન અભિનંદન

દિનેશભાઈ કે. ચૌહાણ
(૧૯૫૭)મો :૯૪૨૭૦૧૦૫૫

પંડ્યા ભવાનીશંકર નાગરદાસ
(૧૯૪૩)ફોન: ૨૩૨૩૪૩૮૦

# તાજપુર નજીક પેટ્રોલ પંપ પર ટ્રક ચાલકને ડીઝલના બદલે પાણી ભરી અપાયું

## ટ્રકચાલકે પેટ્રોલ પંપ માલિક વિરુધ્ધ પ્રાંતિજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

પ્રાંતિજ, તા.૧

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે પર તાજપુર કુઈ ખાતે સ્થિત પંજાબ પેટ્રોલિયમ પેટ્રોલ પંપ પર ટ્રક ચાલકને ડીઝલના બદલે પાણી ભરી આપતા ટ્રકને ભારે નુકશાન થયું હતું. આથી ટ્રક ચાલકે પ્રાતિજ પોલીસ મથકમાં પેટ્રોલ પંપ માલિક સામે ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દિલ્હીનો એક ટ્રક નં. ડી.એ. ૧ એમ. ૩૦૪૦નો ચાલક ટ્રક લઈ આજે ગાંધીનગરથી ચિલોડા-હિંમતનગર હાઈ-વેથી પરત દિલ્હી જઈ રહ્યો હતો. દરમિયાન ટ્રકમાં ડીઝલ ખૂટતા હાઈ-વે પર તાજપુર ફૂઈ પાસે સ્થિત પંજાબ-પેટ્રોલિયમ પેટ્રોલ પંપ પર ડીઝલ નખાવા માટે ટ્રક લઈ ગયો હતો અને પંપ પરથી ટ્રકમાં ૧૬૦ લીટર ડીઝલ નખાવી ટ્રક ચાલુ કરી રવાના થઈ ગયો હતો. દરમિયાન માર્ગ પર થોડે દૂર જતા ચાલુ ટ્રકે અચાનક જ ટ્રકમાંથી ધુમાડા નીકળતા ટ્રક બંધ થઈ ગઈ હતી આથી મિકેનીકને બોલાવી તપાસ કરતા ખબર પડી કે ટ્રકમાં ડીઝલ ને બદલે પાણી ભરી નાખવામાં આવ્યું છે. આથી ટ્રકનું એન્જીન ફેઈલ થઈ ગયું હતું. આથી ડીઝલ ભરાયાની પાવતી લઈ ન્યાય ની માંગ સાથે પ્રાંતિજ પોલીસ મથકમાં પેટ્રોલ પંપ માલિક વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### ખેડબ્રહ્મામાં રોગચાળાની દહેશત

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા એક પખવાડિયામાં ઝાડા-ઉલ્ટી, ઉધરસ,તાવ અને વાઈરલ ઈન્ફેક્શન જેવી બિમારીઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. પરિણામે શહેર અને તાલુકામાં બિમારીને લીધે દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે. તેમ છતાં સ્થાનિક આરોગ્ય તંત્ર સબ સલામત હોવાના દાવા કરતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં ઠેર-ઠેર ખાણી-પીણી બજારમાં ભેળસેળ અને અન્ય ખાદ્ય ખોરાકમાં સ્વચ્છતાના અભાવે સ્થાનિક બિમારીનો ભોગ બની રહ્યા છે. જ્યારે ખાણી-પીણીની બજાર તેમજ માર્ગોની આસપાસ ભરાતા પાણીના ખાબોચીયાના લીધે પાણીજન્ય રોગોમાં નોંધપાત્ર વધારો થતા કમળા જેવા ગંભીર રોગને આમંત્રણ આપી રહ્યા છે. ગંદકી અને પાણીજન્ય રોગના લીધે હાલ ઝાડા-ઉલ્ટી, ઉધરસ, તાવ અને વાયરલ કેસોનો વધારો થવા પામ્યો છે. આથી ઘરે-ઘરે બિમારીના ખાટલા જોવા મળ્યા છે. પરિણામે સ્થાનિક ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સ્થાનિક આરોગ્ય તંત્ર સત્વરે આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરે તેવી નગરજનો માંગ કરી રહ્યા છે.

# શ્રી ખંભલાય માતાજી નિજ મંદિરનો જીર્ણોદ્ધાર અને ૫૧ શક્તિપીઠ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

## આગામી તા. ૮ થી ૧૨ ડિસેમ્બર દરમિયાન ભવ્ય મહોત્સવ અને પાવન પ્રસંગોની હારમાળા : ૫૧ શક્તિપીઠ ધરાવતું વિશ્વનું ત્રીજું મંદિર બનશે

રાજકોટ, તા. ૧

ઋષિ કુત્સષ ગૌત્ર પરિવારના કુળદેવી શ્રી ખંભલાય માતાજી-માંડલ ખાતે બીરાજે છે. દેવી ખંભલાય એટલે જગતજનની મા ચામુંડાનું સાક્ષાત સ્વરૂપ છે. વિરમગામ પાસે આવેલા માંડલ ખાતે શ્રી ખંભલાય માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે, હાલ મંદિરનું કામ પૂર્ણ થવામાં છે. આ નીજ મંદિરના પ્રાંગણમાં ૫૧ શક્તિપીઠની સ્થાપના કરવામાં આવી છે. અત્રે એ નોંધવું રહ્યું છે કે, ૫૧ શક્તિપીઠ ધરાવતું આ મંદિર વિશ્વમાં ત્રીજદું સ્થાન ધરાવે છે.

તળાવની વચ્ચે બીરાજમાન અને ગામમાં આવેલ શ્રી ખંભલાય માતાજી ટ્રસ્ટ - માંડલના નેજા હેઠળ તૈયાર થઈ રહેલ આ અતિ પૌરાણિક દેવી સ્થાનકમાં આગામી ૮ થી ૧૨ ડિસેમ્બર દરમિયાન ૫૧ શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું અતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

ખંભલાય માં ના ખોળે આકાર લઈ રહેલા આ પાવન પ્રસંગે શ્રી કાંચી કામકોટી પીઠાધી પતિ જગતગુરુ શંકરાચાર્ય સ્વામીજી - શ્રી જયેન્દ્ર સરસ્વતીજી તા. ૧૦ ડિસે.ના રોજ હાજરી આપી ધર્મલાભ આપશે.

ભવ્યાતી ભવ્ય સ્વરૂપે આકાર લઈ રહેલા મા ના મંદિરની રૂપરેખા તેમજ આગામી કાર્યક્રમો વિશે માહિતી આપતા ખંભલાય માતાજી ટ્રસ્ટ-માંડલના ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ રાવલે (મો. ૯૦૩૩૭૯૯૮૯૯) જણાવ્યું હતું કે તા. ૮ ડિસે.ના રોજ આરતી યજ્ઞશાળા પ્રવેશ, નગરયાત્રા, વિવિધ પૂજા અને અરણી મંથન, તા. ૯ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ, સ્તવન, ૫૧ શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા અને ન્યાસ રહેશે તેમજ રાત્રીના લોકલાડીલા હાસ્ય સમ્રાટ ધીરૂભાઈ સરવૈયા તેમજ બીપીનભાઈ રાવલ શ્રોતાઓને ડોલાવશે. તા. ૧૦ના રોજ શંકરાચાર્ય સ્વામીજી શ્રી જયેન્દ્ર સરસ્વતીજીની હાજરીમાં નીજ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા ન્યાસ તેમજ પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણાહુતિ યજ્ઞ યોજાશે તેમજ રાત્રે આનંદના ગરબાનું સમજુતિ સાથે રસપાન સહિતના કાર્યક્રમો રહેશે.

તા. ૧૧ ના રોજ આયુત ચંડી મહાયજ્ઞના ગણપતિ પૂજન સ્થાપન પૂજા, શ્રી ચંડીપાઠ હોમાત્મક તેમજ રાત્રએ રાસ-ગરબાની રમઝટનો કાર્યક્રમ રહેશે. તા. ૧૨ ના રોજ શ્રી ચંડીપાઠ હોમાત્મક, પૂર્ણાહુતિ બીડુ હોમ મહાઆરતી અને મહાપ્રસાદ યોજાશે. નવા નિર્માણ પામેલા આ મંદિરમાં સગોત્રી યાત્રિકો માટે સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવાશે તેમજ અહીં ધ્યાન, યોગ, તપ કરવા ભોંયરા સ્વરૂપે એક સાધનાખંડ પણ બનાવાયો છે. મંદિરની બાજુમાં નવી યજ્ઞશાળા બનશે તેમજ મંદિરની અંદર બહાર ઓટોમેટિક આકર્ષક લાઈટ ઈફેક્ટ રહેશે. વિદેશમાં વસતા ભાવિક ભક્તો રોજ સવારે મા ના જીવંત દર્શન કરી શકે તે માટે વેબસાઈટ પણ ડેવલપ કરવામાં આવી રહી છે. કાર્યક્રમમાં દેશ-વિદેશમાંથી લાખો ભક્તો ઉમટી પડશે.

પ્રમુખ શ્રી હસમુખરાય રાવલે જણાવ્યું હતું કે, મા ની કૃપાથી છેલ્લા વર્ષોમાં તળાવના મંદિરનો વિકાસ, શ્રી શતચંડી મહાશક્તિ યજ્ઞ, શ્રી પરમ કલ્યાણકારી દેવી ભાગવત, નિજ મંદિરનો જીર્ણોધ્ધાર અને ૫૧ શક્તિપીઠનું વિશ્વનું ત્રીજુ આધારભૂત મંદિર નિર્માણ પામ્યું. ભવિષ્યમાં એક ભવ્ય શિવાલય, મા નું રસોડું, મા નો નિજ શયનખંડ, મંદિર પરિસરનો વિકાસ, યજ્ઞશાળા, અતિથિ ભવનનો વિકાસ, પાઠશાળા, હોસ્પિટલ જેવા ભગીરથ કાર્યો પણ હાથ ધરાશે. આ પાંચ દિવસીય પાવન પ્રસંગ દરમિયાન પધારનાર કુત્સષ ગૌત્રી ભાવિકો માટે રહેઠાણ, ચા-નાસ્તો, ફરાળ, ભોજનની સુંદર વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે અને પ્રસંગને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

# ઊંઝામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા : ૬૪ હજારનો મુદ્દામાલ કબજે

ઊંઝા, તા.૧

ઊંઝા ખાતે હાઈવે પર નવિન બનાવાયેલ સુપથ્ય કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલ દુકાનમાં પોલીસે ક્રિકેટ સટ્ટા અંગે દરોડો પાડી કુલ ૬૪૦૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી બે ઈસમોની ધરપકડ કરી હતી.

વિગત એવી છે કે ઊંઝા ખાતે હાઈવે પર નવિન સુપથ્ય કોમ્પ્લેક્ષ બનાવવામાં આવેલ છે. આ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલ દુકાનમાં કેટલાક શખ્સો ક્રિકેટ મેચ આધારિત સટ્ટો ખેલતા હોવાની મળેલ હકિકતને આધારે જિલ્લા લોકલ કાઈમ બ્રાંચે બપોરના સમયે અચાનક જ જ આ જગ્યાએ દરોડો પાડયો હતો. જેમાં ટવેન્ટી ટવેન્ટી સીરીઝ ક્રિકેટ મેચના જીવંત પ્રસારણ પર ગ્રાહકો પાસેથી મોબાઈલ ફોન પર ભાવ લઈ આપી જુગાર રમતા રમાડતા હોવાનું જણાતાં પોલીસે સ્થળ પરથી ૨ ૩૦૦ની રોકડ રકમ તેમજ જુગારના સાધનો મળી કુલ ૬૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંદર્ભે પોલીસે પટેલ રાકેશ મોહનલાલ તથા પટેલ લલિત નટવરભાઈ બંને રહે. ઊંઝાને પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# પાલનપુરમાંથી જાલોર પોલીસ દ્વારા છેતરપીંડીના કેસમાં યુવકની અટકાયત

## સસરા-જમાઈએ બે વર્ષ અગાઉ જાલોરના પડોસી પાસેથી બેકરીના મશીન માટે નાણા લઈ છેતરપીંડી કરી હતી

પાલનપુર, તા. ૧

પાલનપુરના માલણ દરવાજા વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના મુસ્લિમ પરિવારના બે શખ્સોએ બે વર્ષ અગાઉ રાજસ્થાન જાલોરમાં એક વ્યક્તિ પાસેથી ઉછીના રૂપિયા લઈ છેતરપીંડી કરી હોવાની ફરિયાદ જાલોર પોલીસમથકમાં નોંધાઈ હતી. જેના એ આરોપીને પોલીસે આજે પાલનપુરથી ઝડપી જાલોર પોલીસને સોંપ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ ઉત્તરપ્રદેશના મુસ્લિમ પરિવારના સસરો-જમાઈ પાલનપુરના માલણ દરવાજા વિસ્તારમાં રહેતા હતા અને આ બન્ને સસરો-જમાઈએ બે વર્ષ અગાઉ પડોશી રાજસ્થાન રાજ્યના જાલોર ખાતે બેકરી બનાવી દંધો શરૂ કર્યો હતો. દરમિયાન સ્થાનક પડોશીને બન્નેએ વિશ્વાસમાં લઈ અંદાજે બે લાખ જેટલી રકમ બેકરીના મશીન લાવવા હાથ ઉછીની લીધી હતી.

થોડા સમય બાદ બન્ને સસરો જમાઈ-જાલોરની બેકરી બંધ કરી ત્યાંથી નાશી છુટ્યા હતા. જેથી છેતરપીંડીનો ભોગ બનનાર હબીબખાનને જાલોર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે ફરિયાદ લઈ ઈસરત યુસુફ મિસ્ત્રી અને ઈલીયાસ નજીર અંસારી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ કેસની તપાસ અર્થે ફરિયાદી સાથે જાલોર પોલપીસ ગુજરાતના બનાસકાંઠાના પાલનપુર ખાતે આવી હતી અને પાલનપુર પોલીસની મદદ માંગી હતી. આથી તપાસ કરતા ટીમને માલણ દરવાજા નજીક આવેલા જનતાનગરમાં પહોંચી આરોપી ઈલીયાસ અંસારીની અટકાયત કરી હતી, જ્યારે ઈસરત મિસ્ત્રી ઝડપાયો ન હતો. પોલીસે આરોપીને લઈ રાજસ્થાન રવાના થઈ હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### પ્રાંતિજમાં વિશ્વ એઈડ્સ દિને રેલી યોજાઈ

પ્રાંતિજ જાયન્ટસ્ ગ્રૂપ, એ.કે. પટેલ નર્સિંગ કોલેજ અને બ્લોક હેલ્થ ઓફિસના સંયુક્ત ઉપક્રમે પ્રાંતિજમાં 'વિશ્વ એઈડ્સ' દિને રેલી યોજાઈ હતી. પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડથી મામલતદાર કચેરી સુધી રેલી નીકળી હતી. જેમાં જાયન્ટસ ગ્રૂપના એન.કે. ટેરીયા, નરેન્દ્રભાઈ પટેલ, નીરવ પરીખ અને બ્લોક હેલ્થ ઓફિસર ગૌતમ નાયક તથા એ.કે. પટેલ કોલેજના હાર્દિકભાઈ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલીનું સફળ સંચાલન બ્રજેશભાઈ ભાવસારે કર્યું હતું.

## યોગ-સૂર્યનમસ્કાર માટે ૪૩ લાખના ખર્ચની દરખાસ્ત

શહેરના ગરીબ બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સ્પર્ધામાં ઉભા રહી શકે તેવી રીતે તૈયાર કરવાને બદલે બજેટનો મોટો હિસ્સો પગાર અને ખરીદીમાં જ ખર્ચતાં મ્યુનિ સ્કુલબોર્ડના સત્તાધીશોએ રિવરફ્રન્ટ ઉપર સુર્યનમસ્કારના કાર્યક્રમમાં ૪૩ લાખનો ખર્ચે થવાનો અંદાજ મુક્યો છે. વિવાદ સર્જાયો છે. મ્યુ. સ્કુલબોર્ડની સામાન્ય સભા ૩-૧૨-૨૦૧૪ના રોજ મળનારી છે. રજૂ કરવામાં આવેલા એજન્ડામાં ૧૬ નંબરની દરખાસ્તમાં જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવ ૧૫ની ઉજવણી રિવરફ્રન્ટ ખાતે થશે.

## ઝોનલ બેંકના લોન મેળાને પ્રજાજનનો સારો પ્રતિસાદ

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના અંતર્ગતના ૧૦ હજાર ઈડબલ્યુએસ/એલઆઈજી મકાનો બનાવવાનું આયોજન કરેલ છે તેના ડ્રોના સફળ લાભાર્થીઓને લોન મેળવવા માટે પડતી હાલાકીઓ ઓછી કરવા તથા લોન મેળવવા માટે સરળતા રહે તથા તેઓની યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ઝોન સ્તરે બેંક લોન મેળવવાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે અંગર્ગત આજ રોજ નરોડા પાર્ટી પ્લોટ, કુબેરનગર આઈટીઆઈટી રોડ, નરોડા ખાતે ઝોનલ લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોન મેળામાં મ્યુનિ કોર્પોરેશન, ઉત્તર ઝોન એસ્ટેટ ખાતાના અધિકારીઓ કર્મચારીઓ તથા ૧૭ બેંકોના અધિકારીઓ/કર્મચારીઓ હાજર રહી, ઉત્સાહ પૂર્વક ૮૬૧થી વધુ લાભાર્થીઓને લોન માટે જરુરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૫૭૭



### આડી ચાવી

૧. પાણીથી ભીંજાઇ તરબોળ હોય તેવું (૬)
૬. વાતો (૩)
૭. રસ્સી માર્ગ (૩)
૧૦. આવાસ, ટપોરી (૩)
૧૨. રસ્તો, કેડી (૩)
૧૩. ... કુલ રીતિ સદા ચલી આઇ... (૨)
૧૪. ઘર, બંગલો (૩)
૧૫. માખણ, મઠો (૨)
૧૭. ભય (૨)
૧૮. એક સુંવાળો પથ્થર (૩)
૨૦. અથડાવાનો અવાજ (૩)
૨૧. ... માં રાખવું, જામીન(૨)
૨૨. નડતર, પીડા (૩)
૨૩. ૧૩ વર્ષથી ૨૦ વર્ષની વયનું (૪)

### ઊભી ચાવી

૧. બકવાસ (૩)
૨. ચરણ, ... વિના લાંબુ ચલાય? (૨)
૩. ઝાપટ, લાફો (૩)
૪. પુરાણ, જમીનની અંદરનું (૨)
૫. ગૌરવ, અભિમાન (૨)
૯. માલ ભરવાનું ભારખાનું(૩)
૧૧. શુરાતન, પાણી (ચડાવવું) (૩)
૧૪. મડદા જેવું (૪)
૧૫. લાલ - પીળી માટી (૪)
૧૬. પ્રવાહી (૨)
૧૮. ઊભી નહિ તેવી (૨)
૧૯. વાંદરો (૩)
૨૦. ચકોર આંખ વાળુ એક પક્ષી (૨)

### શબ્દાવલી ૫૫૭૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચતુરાઇ (૪) નરા (૬) ગદર્ભ (૮) ગજ (૯) રાફડો (૧૧) દરમાયો (૧૩) કરા (૧૪) કુસંગ (૧૫) કડક (૧૬) વુલી (૧૯) રબ (૨૧) લબ (૨૩) નજર (૨૬) ડાચુ (૨૮) તારીફ (૨૯) સથવારો

**ઊભી ચાવી :-** (૧) ચબરાક (૨) રાગડો (૩) ઇદ (૪) નગમા (૫) રાજયોગ (૭) ર્ભદસં (૧૦) ફરાક (૧૨) રગવુ (૧૪) કુકર (૧૭) લીલ (૧૮) જનતા (૨૦) બડાસ (૨૨) બફારો (૨૪) જરી (૨૫) રફ (૨૭) ચુથ

## કલરકોડ પ્રમાણે ડસ્ટબીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે. જો કે આ ડસ્ટબીનનું વિતરણ પણ તબક્કાવાર જ કરવામાં આવશે. માર્ચ-૨૦૧૫ સુધીમાં તમામ ઘરોમાં ડસ્ટબીનનું વિતરણ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં દરેક કાઉન્સીલરને પણ રૂ. એક લાખની મર્યાદામાં ડસ્ટબીન સેક્ટરોના જાહેર સ્થળો કે મહત્વના આંતરિક રસ્તાઓ પર મુકવા માટે ફાળવી શકશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ નગર અભિયાનમાં જાહેર કચરાના નિકાલ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જો કે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટનું સંચાલન હાલ ચાલી રહ્યું છે. આંતરિક માર્ગો અને અન્ય સ્વચ્છતા માટે પણ ટુંકમાં જ કાર્યયોજના તૈયાર કરાશે.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લે તે બાબત ખુબ જ ગંભીર છે.

આપણે ત્યાં હજુ સ્ટ્રેસ કે ડિપ્રેશનને એક બીમારી ગમવામાં આવતી નથી. શરદી-ખાંસી હોય તો તુરંત જ ડોક્ટર પાસે દોડી જવાય છે પરંતુ સતત સ્ટ્રેસ રહે કે આત્મહત્યાના વિચારો આવે તો મનોચિકિત્સકને કન્સલ્ટ કરવા જેટલી જાગૃતિ આપવામાં આવી નથી. જેના કારણે આ સમસ્યા ગંભીર બની છે. આત્મહત્યાનો વિચાર આવે તો સ્થળ, સમય અને જે તે વ્યક્તિ કે ઘટનાને છોડી દઈ અન્ય પ્રવૃત્તિમાં મન લગાવીએ તો આ સમસ્યાનું થોડાઘણાં અંશે નિવારણ આવી શકે. વ્યક્તિ પોતે, સમાજ અને શાસત જો થોડુ જાગૃત બનશે તો લોકોને પોતાના જીવનની કિંમત સમજાશે અને ઘણાને આત્મહત્યાના માર્ગેથી પાછા વાળી શકાશે.

## તૈયારીઓ આરંભાઈ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત રાજ્યમાં નવ રચિત સાત જિલ્લા પંચાયતો અને ૨૫ તાલુકા પંચાયતોની રચના માટે બેઠકો અને સિમાંકનની હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નવરચિત જિલ્લા તાલુકા પંચાયતોનું સિમાંકનની કામગીરી પૂર્ણ કરીને આ અંગેનું જાહેરનામુ શહેરી વિકાસ વિભાગ દ્વારા આગામી ટુંક સમયમાં જારી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આગામી વર્ષમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અંગેની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે અને તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવ્યા બાદ સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર-૨૦૧૫ દરમ્યાન ચૂંટણી જાહેર કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

## કચ્છ રણોત્સવ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યવસ્થા કરવાનું કામ ખૂબ કઠીન હોવા છતાં પ્રવાસન વિભાગ અને એજન્સી દ્વારા દિવસ રાત મહેનત કરીને કોઈ કચાસ ન રહે તે માટે કામ કરી રહી છે. ત્યારે આગામી ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ખાસ હાજર રહેશે અને પ્રવાસીઓ સાથે ચાંદની રાતમાં રણનું સૌંદર્ય માણશે. આ તકે સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના અનેકવિધ આયોજન કરાવમાં આવ્યા છે. જે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. તો પહેલીવાર રણોત્સવમાં એર ડ્રાઈવીંગ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

કારણકે આ વખતના રણોત્સવમાં પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની કસર ન રહે તેવા નિર્ધાર સાથે આ વખતે પહેલીવાર સ્કાય ડ્રાઈવીંગનું આયોજન કરાયું છે. પ્રવાસીઓને આકર્ષવા માટે આ એડ ડ્રાઈવીંગ મહત્વનો ભાગ ભજવશે તેવું અત્યારે તો લાગી રહ્યું છે.

## ગુન્હાઓ વધ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર કુંભકર્ણની નિંદ્રામાંથી સત્વરે જાગે અને ગુજરાતના નાગરિકોને સલામતીનો અહેસાસ કરાવે તેવી માંગ કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના પ્રવક્તા અને વિરમગામના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં ૯૩,૦૨૬ ચોરીના બનાવો, ૬,૮૮૦ લૂંટ, ૧,૨૨૮ ધાડ, ૨૨૪૩ બળાત્કાર, ૭,૪૭૭ અપહરણ, ૨૫,૮૧૧ આપઘાતની ઘટનાઓ બની છે તેમ છતાં ભાજપ સરકારના પેટનું પાણી હાલતુ નથી. પોલીસ સ્ટેશનોમાં સામાન્ય નાગરિકોની ફરીયાદ હાથ ઉપર લેવાતી નથી. પોલીસ ચોપડે નોંધાયેલા ગુન્હાઓ કરતા અનેક ઘણા ગુન્હાઓ ગુજરાતમાં બની રહ્યાં છે ત્યારે ભાજપ સરકાર ગુજરાતની પ્રજાને ભગવાન ભરોસે છોડી દીધી હોય તેમ જણાય છે. કોંગ્રેસ પક્ષ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળી ગયેલી પરિસ્થિતિ સામે વિધાનસભા અને વિધાનસભાની બહાર સક્રિય લડત આપશે. તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનિષ એમ. દોશીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# નિયમોનો ભંગ કરતી શાળા સામે શિક્ષણ વિભાગ નારાજ

અમદાવાદ, તા.૦૧

નર્સરીમાં પ્રવેશ માટે છાત્રો અને વાલીઓના ઈન્ટરવ્યુ લેવા પર શિક્ષણ વિભાગે પ્રતિબંધ મુક્યો છે.

આમ છતાં કેટલીક સ્વનિર્ભર શાળાઓ નિયમોનો ભંગ કરીને નર્સરીમાં બાળકો અને તેના વાલીઓના ઈન્ટરવ્યુ લઈને પ્રવેશ આપતી હોય છે ત્યારે સ્વનિર્ભર શાળાઓ શિક્ષણ વિભાગના નિયમનો ભંગ ન કરે તે માટે અત્યારથી શિક્ષણ તંત્ર દ્વારા એક્સન પ્લાન તૈયાર કરી રહી છે. તેમજ આગામી સમયમાં નર્સરીમાં ઈન્ટરવ્યુ લેતી શાળા સંસ્થાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નર્સરીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનું કોઈપણ પ્રકારના ઈન્ટરવ્યુ સામે પ્રતિબંધ મુકેલ છે. જોકે સ્વનિર્ભર શાળાના સંચાલકો દ્વારા શિક્ષણ વિભાગના નિયમોને નેવે મુકીને નર્સરીમાં પ્રવેશ માટે આવતા બાળકો અને વાલીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. હવે ટૂંક સમયમાં આગામી વર્ષ માટે નર્સરીમાં પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ત્યારે અગાઉની જેમ આ વર્ષે પણ સ્વનિર્ભર શાળાઓ દ્વારા શિક્ષણ વિભાગના નિયમોનો ભંગ ન કરવામાં આવે તે માટે અત્યારથી નવા નિયમો અમલી બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગ જો કોઈ સ્વનિર્ભર શાળા દ્વારા નર્સરી પ્રવેશ માટે જો બાળકો કે વાલીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવે તો તેમની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ વિભાગના નિયમ મુજબ કોઈપણ સ્વનિર્ભર શાળાઓ નવા શૈક્ષણિક શરૂ થવાના ૧૫ દિવસ પહેલા જ એડમિશનની પ્રક્રિયા હાથ ધરી શકે છે. તેમજ નર્સરીમાં પ્રવેશ મેળવવા આવતા બાળકો તેના વાલીના ઈન્ટરવ્યુ પણ લઈ શકાતા નથી. તેમ છતાં દર વર્ષે સ્વનિર્ભર શાળાઓ દ્વારા જાન્યુઆરી મહિનાથી જ નર્સરીની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવે છે. ત્યારે હવે આ રીતે નિયમ ભંગ કરતી શાળાઓ સામે શિક્ષણ વિભાગે લાલ આંખ કરી છે.

# લેઈટ ફી મામલે યુનિવર્સિટી વિદ્યાર્થીને રાહત નહીં આપે

અમદાવાદ, તા.૦૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા લેઈટ ફી પેટે પાંચ લાખથી વધુની રકમ ઉઘરાવી લેવા મામલે વિવાદ સર્જાયો છે. ત્યારે આ મુદ્દે સ્પષ્ટતા કરતા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર વર્ષ દરમિયન કોલેજોમાં બેધ્યાન રહેનાર વિદ્યાર્થીઓએ પોતાની બેદરકારીની કિંમત તો ચુકવવી જ પડશે. આ મામલે તેમને કોઈ રાહત આપી શકાય તેમ નથી. પ્રાપ્ત થતી માહિતી મુજબ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા મુદત વિતી ગયા બાદ પરીક્ષા ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૫૨૦૦ની લેઈટ ફી વસુલીને રૂપિયા પાંચ લાખથી વધુની રકમ પડાવી લેવા મામલાને લઈ હંગામો મચી જવા પામ્યો છે. આ રીતે યુનિવર્સિટી પૈસા લેવામાં આવતા વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી જવા પામી છે. ત્યારે બીજીબાજુ ગુજરાત યુનિવર્સિટીનું વહીવટી તંત્ર આ પ્રક્રિયાને વાજબી અને નિયમ મુજબની ગણાવી રહ્યું છે.

આ મામલે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલનો સંપર્ક કરાતા તેમણે જણાવ્યું હતું કે આ મામલે કોઈ ગેરકાયદેસર ફી વસુલવામાં આવી નથી. કોલેજ દ્વારા ફી ભરવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હતી તેમ છતાં આ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી મામલે સજાગ રહ્યા નહતા અને છેલ્લે રહી રહીને જાગતા હોય તેમ ફી ભરવા માટે આવ્યા હતા. તેથી તેમની આંખ ઉઘાડવા અને બેદરકારીની સજા આપવા માટે વિદ્યાર્થી દીઠ રૂપિયા ૫૨૦૦ની લેઈટ ફી વસુલવામાં આવી છે. આ પ્રકારે ફી વસુલ કરવાની ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને ખાસ સત્તા રહેલી છે.